# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૪૨

સૂર્યાસ્ત : ૦૬.૫૪

## તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૧ ટકા ● સાંજે ૩૦ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** બ્લડ મની : ૧૦.૦૦, પાન સિંઘ તોમર : ૧૨.૧૫
એજન્ટ વિનોદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** કહાની : ૧૧.૪૫, બ્લડ મની : ૧.૦૦, ૫.૪૫, ૧૦.૧૫
વર્થ ઓફ ધ ટાઈટન્સ (હિન્દી) : ૩.૪૫, વર્થ ઓફ ધ ટાઈટન્સ : ૮.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫

**સ્ક્રીન-૩ :** કહાની : ૧૧.૪૫, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫, ૬.૪૫

**સ્ક્રીન-૪ :** બુમબુ : ૧૦.૦૦, ૧૦.૦૦
એજન્ટ વિનોદ : ૧૦.૦૦, ૫.૧૫, ૮.૩૦
પાન સિંઘ તોમર : ૧૨.૧૫, કહાની : ૩.૦૦, ૭.૪૫ બ્લડ મની : ૫.૪૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** વર્થ ઓફ ધ ટાઈટન્સ- ૩ડી(હિન્દી) :
૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૧૦.૪૫
એજન્ટ વિનોદ : ૭.૪૫

**સ્ક્રીન-૨ :** એજન્ટ વિનોદ : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** બ્લડ મની : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૦૦, ૪.૧૫, ૬.૩૦, ૮.૪૫, ૧૧.૦૦

**સ્ક્રીન-૪ :** કહાની : ૧૦.૩૦, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૩૦
બુમબુ : ૧.૦૦, ૫.૪૫

### આર વર્લ્ડ

**સ્ક્રીન-૧ :** બ્લડ મની : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** એજન્ટ વિનોદ : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** વર્થ ઓફ ધ ટાઈટન્સ : ૧.૧૫, ૫.૪૫, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

ઉમિયા મા પધાર્યા મારા આંગણે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઉમિયા મા પધાર્યા મારા આંગણે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- વિસનગર નાગર પરિવાર ગાંધીનગર દ્વારા ૧૯મો પાટોત્સવ યોજાશે. હાટકેશ પોટોત્સવનું હાટકેશ જ્યંતિના દિવસં સાંજે ૫.૦૦ કલાકે હાટકેશદાદાની શોભાયાત્રા નર્મદેશ્વર મહાદેવ સેકટર ૧૭/૨૨, સેકટર-૨૨ના શોપિંગસ પંચદેવ થઈને નર્મદેશ્વર મહાદેવ સુધી પરિભ્રમણ કરશે.
- સેકટર- ૬/એમાં આવેલ અંબાજી માતાના મંદિરના ચોકમાં શરૂ થનાર રામ પારાયણ જ્ઞાનયજ્ઞમી પોથીયાત્રાની શોભાયાત્રા બપોરે ૨.૧૫ કલાકે નીકળશે.
- સેકટર- ૬/એમાં આવેલ અંબાજી માતાના મંદિરના ચોકમાં બપોરે ૩.૦૦ કલાકે સંત વૈદહી શરણજી (દંડી સ્વામી)ની વ્યાસ પીઠેથી રામ પારાયણ જ્ઞાનયજ્ઞ શરૂ થશે.

## આપની આજ

**- કિશોર ત્રિવેદી**

**મેષ :** કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બની રહે. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રમાં ઉપયોગી સાબિત થઈ શકે છે. નાણાંભીડ દૂર થઈ શકે છે.

**વૃષભ :** રોજગારીની નવી તક મળી રહે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. આરોગ્ય સંભાળવું.

**મિથુન :** વેપાર-વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. આવકનાં સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. રાજકીય ક્ષેત્રે હિતશત્રુઓથી સંભાળવું. સમય મધ્યમ.

**કર્ક :** વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. કુટુંબિજનો સાથે યાત્રા - પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**સિંહ :** માનસિક ચિંતા હળવી બનતી જણાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જમીન- મકાનની ખરીદી થઈ શકે છે.

**કન્યા :** વેપાર- નોકરીને લઈને થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. શેર - સટ્ટાકીય બાબતોમાં કાળજી રાખવી. નાણાંભીડ દૂર થઊ શકે છે. સમય શુભ.

**તુલા :** નાણાંભીડ દૂર થઈ શકે છે.ઈષ્ટદેવની ઉપાસના ઈચ્છિત ફળ- પ્રાપ્તિમાં સહાયક બની શકે છે. આસ્મિક ધન-લાભ થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક :** વેપાર -વાણિજ્ય ક્ષેત્રમાં નવા રોકાણો થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. કુટુંબિજનો સાથે યાત્રા- પ્રવાસ થઈ શકે છે.

**ધન :** વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે. ભૌતિક સુખ સુવિધામાં વધારો થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**મકર :** આવક કરતાં ખર્ચના વધે તેની કાળજી લેવી.ભાગ્યોદયની તક મળી રહે. રોકાયેલા નાણાં પરત મળી શકે છે.

**કુંભ :** રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**મીન :** ધર્મ- અધ્યાત્મ ક્ષેત્રે રૂચિ વધતી જણાય. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. જયસિંઘભાઈ બાવજીભાઈ વાઘેલા (ઉ.વ. ૭૧) પ્લોટ નં. ૮૫૨/૧, સેકટર-૫/સી, ગાંધીનગર
- સ્વ. છનાલાલ દામોદરદાસ ભટ્ટ (ઉ.વ. ૯૦) પ્લોટ નં. ૬૯૦/૨, સેકટર-૫/બી, ગાંધીનગર
- સ્વ. ફુલકુમારી સિંન્હા (ઉ.વ. ૮૯) પ્લોટ નં. ૩૪૯, સેકટર-૮/બી, ગાંધીનગર



ગાંધીનગર શહેરને સ્વચ્છ અને હરિયાળુ બનાવવા તેમજ સેક્ટરના મુખ્ય માર્ગો પર ફૂટપાથ (વૉક વે) બનાવવાની કામગીરી છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહી છે. 'ગ' માર્ગ પર આવી ફૂટપાથ બનાવવાની કામગીરી છેલ્લા કેટલાક સમયથી ખોરંભે પડતાં સૌની મુશ્કેલી વધી જવા પામી છે. (તસવીર : દિપક જાની)

# નિવૃત્ત કર્મચારીઓના પ્રશ્નોની રજૂઆત ૩૦૦ રૂપિયા તબીબી ભથ્થા માટે માંગણી

ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મંડળ ગાંધીનગર - પેન્શનર સમાજ અમદાવાદ દ્વારા મુખ્યમંત્રી, તમામ કેબીનેટ મંત્રીશ્રીઓ, ધારાસભ્યોને પેન્શનરોના પ્રશ્નોના ઉકેલ માટે આવેદનપત્ર આપવામાં આવેલ છે. આગામી ચૂંટણી પહેલા પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે માગણી કરેલ છે.

છઠ્ઠા પગારપંચના એરીયર્સના બે હપ્તા રોકમાં ચુકવી આપો. રૂા. ૩૦૦/- તબીબી ભથ્થું કરવું, ૩૦૦ રજાઓનું રોકડમાં રૂપાંતર, એસ.ટી.માં ૫૦ ટકા રાહત, તેમજ અપરણિત પુત્રીને કેન્દ્રની જેમ આજીવન પેન્શન આપવું, આ મુખ્ય પ્રશ્નો છે. ગત તા. ૧૮ મી માર્ચના રોજ રજૂઆત કરેલ હતી, પરંતુ હજુ સુધી કોઈ હકારાત્મક હુકમો થયેલ નથી.

ચિંતન શિબિરમાં ૨૫૦ જેટલા નિવૃત્ત મંડળોનાં પદાધિકારીઓ અને પેન્શનરોનું ગાંધીનગર ખાતે યોજાવાનું છે, જેની કાર્યવાહી ચાલી રહેલ છે.

# સેક્ટર-૭ અને ૨૨ ખાતે નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૪

યુનાઈટેડ ફીઝીયોથેરાપી સંસ્થા તરફથી આવતીકાલ તા. ૬ એપ્રિલ-૨૦૧૨ને શુક્રવારના રોજ બે અલગ અલગ સ્થળોએ મફત ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન પ્લોટ નં. ૭૮૭/૧ સેક્ટર-૭-બી ખાતે તથા સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન પ્લોટ નં. ૨૯૧/બી-૬ સ્કાઈવ્યુ કોમ્પલેક્ષ, સેક્ટર-૨૨ ખાતે યોજાશે તેમ ડૉ. હાર્દિક તલાટીએ જણાવ્યું છે.

# અંબાજી મંદિર, સે. ૨૧માં ૮મીથી રામકથાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના સેક્ટર-૨૧માં નાના શોપિંગ સેન્ટર સામે આવેલા અંબાજી મંદિરે તા. ૮મી એપ્રિલથી ૧૬મી એપ્રિલ દરમિયાન સવારે અને સાંજે મુંજાલભાઈ દવેની વ્યાસપીઠે સંગીતમય રામકથાનો પ્રારંભ થશે.

ગં.સ્વ. હેમાબેન કનુભાઈ ત્રિવેદીના મુખ્ય મનોરથથી રામાયણજીની પોથીયાત્રા તા. ૮મી એપ્રિલે રવિવારે સવારે ૯ વાગ્યે ગં.સ્વ. ઉષાબેન વ્યાસના નિવાસસ્થાન પ્લોટ નં. ૭૭૧/૧, સેક્ટર-૨૧ થી પ્રસ્થાન કરશે. કથાના મંગલ પ્રારંભ બાદ શિવ પાર્વતી વિવાહ, શ્રી રામ જન્મોત્સવ, બાળલીલા, વિશ્વામિત્ર પ્રસંગ, શ્રીરામ સીતા વિવાહ, કેવટ પ્રસંગ, શ્રી રામ-ભરત મિલન, શ્રી રામ-હનુમાન મિલન, શ્રી રામેશ્વર સ્થાપના અને શ્રી રામ રાજ્યાભિષેક વિષય અંતર્ગત પ્રસંગોનું વર્ણન કરાશે. દરરોજ સવારના કથા સત્રમાં ૯.૩૦થી ૧૧ વાગ્યા સુધી અહલ્યા ઉદ્ધાર-બાલકાંડ, શ્રી રામચરિત માનસ પર પૂ.મહારાજ વિશેષ કથા પ્રવચન આપશે. કથા દરરોજ સવારે ૯.૩૦થી ૧૨ કલાક સુધી અને સાંજે ૪ થી ૬.૩૦ કલાક દરમિયાન યોજાશે. રામકથા શ્રવણનો લાભ લેવા સર્વે ભક્તજનોને આયોજકો દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે સાંઈ મંદિરે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના સેક્ટર-૩-ડીના પટાંગણમાં આવેલા શ્રી સાંઈ મંદિર ખાતે શ્રી સાંઈ કૃપા સેવા ટ્રસ્ટના મારફતે આજે ૫મી એપ્રિલને ગુરૂવારે રાત્રે ૮ કલાકે આશિષ શર્માનો શ્રી સાંઈ ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. ભજન સંધ્યાના કાર્યક્રમમાં ભક્તજનોને પધારવા સંસ્થાના પ્રમુખ નરેન્દ્ર શાહે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

## સિંધુધામમાં ઝુલેશ્વર હનુમાનનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા. ૪

'સિંધુ ધામ' ઝુલેલાલ સાંઈબાબા મંદિર પરિસરમાં શ્રી ઝુલેશ્વર હનુમાનજીની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૬ઠ્ઠી એપ્રિલ હનુમાન જયંતિના રોજ યોજવામાં આવેલ છે. સવારે ૮ વાગ્યે પ્રાતા પૂજન, ૧૨-૩૯ કલાકે ઝુલેશ્વર હનુમાનજી મૂર્તિ પ્રતિષ્ઠા સાંજે ૧૭ કલાકે પુર્ણાહૂતિ યોજાશે. તો ભાવિક ભક્તોએ ધાર્મિક કાર્યક્રમમાં હાજર રહેવા માટે શ્રી લાલચંદભાઈ ગોપાલાણી પ્રમુખશ્રી, સિંધી પંચાયત ગાંધીનગર જણાવેલ છે.

## સેકટર-૨ના ચંદ્રમૌલેશ્વરમાં ધાર્મિક પ્રસંગો ઉજવાયા


ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં આવેલ સેકટર-૨ના ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે દેવી ભાગવતની પૂર્ણાહુતી તથા રામનવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ભકતજનો શોભાયાત્રામાં જોડાયા હતા. ચંદ્રમૌલેશ્વર મહાદેવના ટ્રસ્ટીશ્રી અને મંદિરના પૂજારીનું દેવી ભાગવતનું રસાસ્વાદ કરાવ્યું હતું. દેવી ભાગવતના મુખ્ય યજમાનનું પણ સન્માન કરાયું હતું. મહાનગર પાલિકાના વિપક્ષના નેતા મનુભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# ભક્તિ, પ્રીતિ, સેવા, શ્રદ્ધાનું સંગમ એટલે સેક્ટર-૩૦ ઝૂલેલાલ સાંઈબાબા મંદિર

જૂન ૧૯૭૦માં રાજ્યનું સચિવાલય અને સંલગ્ન કચેરીઓ ગાંધીનગર ખાતેથી વિધિવત કાર્યરત થઈ. કર્મચારીઓ વસવાટ માટે ગાંધીનગર આવ્યા. નવા સ્થાપિત થયેલ રાજ્યના પાટનગરમાં મકાનો-દુકાનો-નાના બગીચા બનાવાયા પરંતુ ધાર્મિક સ્થાનનો સંપૂર્ણ અભાવ હતો. અલબત્ત પાટનગર તરીકે ગાંધીનગરના સ્થાપનાકાળથી આવેલ વિવિધ સરકારની ઉદાર નીતિને લીધે શહેરમાં વિવિધ ધર્મ, પંથ, સંપ્રદાયને માંગણી અનુસાર ધર્મસ્થાન માટે જમીનની ફાળવણી થતી ગઈ. ગુજરાતના એક શહેરમાં અસ્તિત્વમાં ન હોય એટલા ધાર્મિક સ્થાનોની હવે







ગાંધીનગરમાં રચના થઈ ચૂકી છે. એક બેનમુન ધાર્મિક સ્થાન સેક્ટર-૩૦માં રચાયું છે, જે પવિત્ર તીર્થ તરીકે ઉભરવા સાથે ભક્તિ-પ્રીતિ-સેવા-શ્રદ્ધાનું સંગમ બન્યું છે. ધાર્મિક, ઋતુત્વ, તહેવારોની ઉજવણી, સામાજીક મેળાવળા સાથે રાષ્ટ્રીય એકતાની પ્રવૃત્તિમાં આ સ્થળે શહેરીજનોના હૃદયમાં અનેરૂ સ્થાન અંકિત કર્યું છે. શહેરમાં વસતિની દૃષ્ટિએ અલ્પસંખ્યા ધરાવતા સિંધી સમાજ તરફથી સ્થાપત્યની રીતે અદ્‌ભુત નજરાણું પાટનગરને એક અનોખી ભેટ છે.

સિંધી પંચાયત તરફથી અગાઉ ગાંધીનગરમાં નાનાપાયે ચેટીચાંદ, ગુરૂનાનક જયંતિ વગેરે કાર્યક્રમો શહેરના રંગમંચ ખાતે ઉજવાતાં. અલબત્ત રંગમંચ મેળવવા પડતી તકલીફ અને રંગમંચની બિસ્માર હાલતને લીધે કાર્યક્રમ દરમિયાન આયોજકોને અનેક સમસ્યાનો સામનો કરવો પડતો. આ સમસ્યાનો હલ જરૂરી હતો. દેશના ભાગલા વખતે સર્વસ્વ ગુમાવવા છતાં નિરાશ અને નાસીપાસ થયા વિના પોતાના ટેકે ફરી પગભર થઈ દેશના વિકાસમાં પ્રદાન આપનાર સિંધી કોમના કેટલાક લોકો ગાંધીનગરના પાયાના સામાજીક કાર્યકર શ્રી લાલચંદ ગોપલાણીની નિશ્રામાં એકત્રિત થયા અને સિંધી પંચાયતની રચના કરી. સરકારશ્રીના ધારાધોરણ અનુસાર દરિયાલાલ-ઝૂલેલાલ મંદિર પરિસરની રચના અંગે જમીનની માંગણી કરી. સરકારશ્રી તરફથી આ માંગણી ગ્રાહ્ય રાખવામાં આવી અને સેક્ટર-૩૦ ખાતે સિંધી સમાજને બે હજાર સ્કે. યાર્ડ જમીન ફાળવવામાં આવી.

આ સ્થળે માત્ર દરિયાલાલ-ઝૂલેલાલની જ મૂર્તિઓ સ્થાપિત કરવાની નેમ ન હતી. સમગ્ર ગુજરાતના તમામ કોમના લોકો અહિં ભક્તિભાવથી આવે એવા મંદિરનું નિર્માણ કરવાની યોજના હતી. અહિં શંકર-પાર્વતી, રામ દરબાર, રાધાકૃષ્ણ, અંબે માતા, ગણેશજીની મૂર્તિ સ્થાપિત કરવા સાથે શિવાલયની રચના, હનુમાન દાદાનું મંદિર અને સાંઈબાબાને બિરાજમાન કરવાની યોજના હતી. બહારગામથી આવતા યાત્રિકો-મહેમાનોના ઉતારા અંગે અગાઉથી આયોજન વિચારાયું હતું.

સંકુલના પ્રોજકેટ અંગે વિચારણા થઈ ત્યારે જ ત્રણેક કરોડના ખર્ચનો અંદાજ હતો. ગાંધીનગરમાં તો સિંધી સમાજના નાના વ્યાપારીઓ અને સામાન્ય કર્મચારીઓ હોય તેથી ભગીરથ પ્રોજેક્ટ માટે વિશાળ રકમ એકત્રિત કરવી કપરી સ્થિતિ હતી. પરંતુ શ્રી લાલચંદ ગોપલાણી અને તેમની ટીમ મંદિર નિર્માણ કાર્યમાં સમર્પિત રહ્યા. ગાંધીનગરના શ્રી તુલસીદાસ ગોપલાણી પરિવાર, અમદાવાદના તારાચંદ મંગલાણી પરિવાર, નંદલાલ ખાનાચંદાણી પરિવાર, ક્રિપાલ માખીજા વગેરે જેવા દાતાઓ આગળ આવ્યા અને ૧૯૯૯માં તત્કાલિન ગૃહમંત્રી અને દેશના નાયબ વડાપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણીએ મંદિર સંકુલના બાંધકામ માટે ભૂમિપૂજન કર્યું.

શીરડીની યાદ અપાવે એવું વાતાવરણ અહિં ગુરૂવારની સાંજે જોવા મળે છે. સાંઈબાબાની સાંજે આરતી થાય ત્યારે સમગ્ર સંકુલ ભક્તોથી ઉભરાય છે. પોતાના પદ, અહમ, ઈર્ષ્યા, અદેખાઈથી અલિપ્ત થઈ, નિઃશેષ બની સૌ ભક્તિમય વાતાવરણમાં લીન થાય છે. સમગ્ર દિવસના કામના બોજ, પ્રશ્નો અને ચિંતાઓની વણઝાર ભૂલી થાકેલા માનવીઓ પણ અનેરી કુમાશ અને અકલ્પનીય શાંતિ સાથે આરતીમાં જોડાય છે. એ સમયે સૌના મનનો કોલાહલ શાંત થાય છે અને પ્રાર્થનાનો એક સૂર સાંભળવા મળે છે. સૌના પ્રાણ એક શક્તિ સાથે આત્મીયતાથી જોડાયેલા હોય એવો પવિત્રતાનો અનેરો સ્પર્શ એ ઘડીએ દશ્યમાન થાય છે. આ મંદિરની આરતી કેટકેટલા શ્વાસમાં વણાઈ ગઈ છે એ સાથે ગુરૂવારે ભક્તો જે ભાવથી ખીચડી પ્રસાદ ગ્રહણ કરે છે એ દશ્યમાં પણ ભક્તિનો અનેરો માહોલ જોવા મળે છે.

ગુરવારે રાત્રે મંદિરમાં શ્રી સાંઈબાબાની એક તાલમાં ગવાતી શયન આરતી વખતે અલૌકિક અનુભૂતિ થાય છે. આસ્થાના દરિયાને - સેંકડો મનની પવિત્રતાને-શીતળ ચંદનના લેપ જેવી સેંકડો હૃદયની ઠંડકને નિહાળવી હોય તો ગુરૂવારની સાંજે ઝૂલેલાલ-સાંઈબાબા મંદિરે અવશ્ય પધારવાની જરૂર છે.

-પૃથ્વી શાહ

# કોણ માલિક, કોણ ભાડુઆત અમે તો મનમૌજી એકબીજાના સંગમાં પાડોશી બહુ રાજી રાજી!!

મકાન માલિક અને ભાડુઆત વચ્ચેનાં સંબંધ આમ તો સાસુ-વહુ જેવાં હોય છે. મકાન માલિકની દિવાલે ઠોકવાની ખીલીથી લઈ પાણીના બગાડ સુધીની બધી સૂચનાઓનો અમલ ભાડુઆતે ભાડું ચૂકવીનેય કરવાનો હોય છે... એમાંય જો મકાન માલિક અને ભાડુઆત એક જ મકાનમાં ઉપર નીચે જ રહેતાં હોય તો તો પાછી મોહબ્બત કયા રંગ લાયેગી!! એક જ મકાનમાં રહેવાં છતાં મકાન માલિક અને ભાડુઆતનાં સંતાકુકડીનાં દાવથી દૂર હળીમળીને સગાનેય ટક્કર મારે એવો પાડોશી ધર્મ બજાવતાં બે પટેલ પરિવારો સે-૬બી નાં ૮૧ મી. પ્લોટમાં હળીમળીને રહે છે...

ગાંધીનગરમાં કૉમર્સ વિષયનાં નિષ્ણાંત શિક્ષક તરીકે ઓળખાતાં તેજસ પટેલ, આઈ. એચ. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા વાવોલમાં કૉમર્સના વિષય ભણાવે છે. અને સાથોસાથ પેથાપુર, ઘ-૫ અને સેકટર-૩ડીમાં ખાનગી ટ્યુશનનાં કલાસમાં એકાઉન્ટ અને સ્ટેટકસ્ટીક ભણાવે છે. મૂળ લીંબોદરા ગામના વતની તેજસ પટેલ છેલ્લાં ચારેક વર્ષથી સે-૬બીમાં ભરતભાઈ પટેલના મકાનમાં પહેલાં માળે ભાડેથી રહે છે... તેજસ પટેલનાં પત્નિ ઝરણાબેન બાયસેક કંપનીમાં કૉમ્પ્યુટર ઑપરેટર છે. આ સુખી દંપતીનાં ઘરે દીયા નામની ત્રણ વર્ષની તીતલી જેવી નાનકડી દીકરી છે...

મકાન માલિક ભરતભાઈ પટેલ લાડોલનાં વતની અને એમનો બટાકાનો વેપાર. બાળકોને સારૂ શિક્ષણ મળી રહે માટે ગાંધીનગરમાં આવીને વસ્યા... સે-૬ માં જ એમની કરિયાણાની દુકાન અને સાથોસાથ સિઝનેબલ હૉલસેલનાં વેપારી. મરી-મસાલા-તેજાનાનો વેપાર કરતાં ભરતભાઈ સ્વભાવે એકદમ સાલસ એ સરળ... તેજસ પટેલ આમનાં ઘરમાં ભાડેથી રહેતા આવ્યા પછીથી ખબર પડી કે ભરતભાઈનો પરિવાર એમની ૭મી પેઢીએ સગાં થાય છે!!

ઉપર નીચે વસતાં બે પરિવાર વચ્ચે પાકાં પાડોશીનાં સંબંધ બંધાવામાં એક પ્રસંગ કામે લાગી ગયો... મકાન માલિક ભરતભાઈનાં પત્ની કોકીલાબેન ઘરમાં કામ કરતાં પડી ગયા અને એમને હાથે ફ્રેંકચર થયુ. કોકીલાબેનનાં પરિવારજનો સૌ-સૌના કામમાં ઘર બહાર હતા અને તેજસ પટેલનાં પિતાજી રમણભાઈ તાત્કાલિક એમને દવાખાને લઈ જઈ પાટો બંધાવી આવ્યા, અને પાડોશીનાં બંધનો આપોઆપ મજબૂત થઈ ગયાં...

**સંબંધ સજાવે જિંદગી**
**પહેલો સગો પાડોશી**
**- સંજય થોરાત**
gsrelation@yahoo.com



તેજસ પટેલનાં પિતાજી રમણભાઈ સે-૬નાં શોપિંગમાં ગોપી નૉવેલ્ટી નામની દુકાન ચલાવે છે. રમણભાઈના ધર્મપત્ની જશોદાબેન ઘરનું ધ્યાન રાખે અને પૌત્રીનાં લાડકોડ ભર્યા ઉછેરનું કામ આનંદથી કરે છે... આ જશોદાબેન બાજરીનો ડબ્બો લઈ સીઢી ચડતાં હતાને સ્ટીલનો લપસણો ડબ્બો છટકીને એમની છાતીએ પડતાં લગભગ ચાર-પાંચ દિવસનો એમને બેડ રેસ્ટ આવેલો અને આ પ્રસંગે મકાન માલિક ભરતભાઈના પરિવારે સવાર સાંજ બંને ટાઈમનાં ભોજનની વ્યવસ્થા સાથે ઘરનાં કામકાજની જવાબદારી ઉપાડી લીધેલી...

ભરતભાઈનો નંદા મારૂતિમાં સેલ્સ ઍડવાઈઝરની નોકરી કરતાં દીકરા કિંજલનાં લગ્ન વખતે ઘર ભાડૂઆત એવાં તેજસભાઈને સોંપી નિશ્ચિંત પણે ગયેલાં ભરતભાઈનાં બીજા દીકરા રવિની એન્જિનિયરીંગની પરીક્ષા ચાલતી હતી અને એને એક સંપૂર્ણ પરિવારની હૂંફ આ તેજસ પટેલની ફેમીલીએ પુરી પાડેલી... દિવસ દરમિયાન જો આ પટેલ પરિવારોને જોઈએ તો ખ્યાલ જ ના આવે કે કોણ મકાન માલિક અને કોણ ભાડુઆત છે! લાગણીસભર સંબંધના તાતણે બંધાયેલા આ પાડોશી પરિવારો એકબીજાના પુરક સાબિત થયાં છે...

રોજ રાત્રે એકાદ કલાક બંને પરિવારનાં સભ્યો ભેગાં થઈ સુખ-દુઃખની ચર્ચા કરી લે છે. તેજસભાઈના પત્નિ ઝરણાબેનને એમની કંપનીએ મુકવા જવાની જવાબદારી ભરતભાઈ એમનાં વ્હીકલથી પેટ્રોલનાં ખર્ચની ગણતરીની માથાકૂટમાં પડયા વગર કરે છે. આમ તો સોસાયટીમાં થતાં કાર્યક્રમો અને કારોબારી ભાડુઆતોને પ્રાધાન્ય નથી મળતું પણ અપવાદ સમાન તેજસભાઈના પિતાજી રમણભાઈ આ સોસાયટીનાં કાર્યક્રમોમાં સક્રિય રીતે કામ કરીને સૌનો ભાર હળવો કરે છે. મકાન માલિક ભરતભાઈને ગાડી ખરીદવી હોય કે ઘરને રંગ કરવાનો હોય તેઓ તેજસભાઈની સલાહ વગર આગળ વધતાં નથી!!

મુંબઈથી કેન્સરની ટ્રીટમેન્ટ માટે આવેલી ભરતભાઈની ભત્રીજી રચનાની સેવામાં તેજસભાઈ પટેલનાં પરિવારે કોઈ કસર છોડી ન હોતી. અરે, બાજુમાં એકલવાયા રહેતા ૮૦ વર્ષનાં રમાબાની કાળજી પણ ઝરણાબેન લે છે અને આવતાં જતાં ટહુકો કરીને પૂછી લે છે તમારે કોઈ કામ તો નથી ને?? ઝરણાબેનની વ્હાલી દીકરી દીયા તો આ બે સ્નેહીથી તરબતર થતાં પરિવારમાં ક્યાં ઉછરી રહી છે ખબર જ નથી પડતી!!

ભાડુઆત છે એટલે ક્યારેક તો તેજસભાઈનો પરિવાર આ ઘર છોડીને જશે એવા વિચાર માત્રથી ભરતભાઈ વ્યથિત થાય છે. સંયુક્ત કુટુંબમાં કલેશના કારણે એક જ ઘરમાં બબ્બે ચૂલા સળગી ચીનની દિવાલ ચણાઈ સંબંધોની ઐસી તૈસી થતી જોવા મળે છે. એવામાં મકાન માલિક અને ભાડુઆત વચ્ચે બંધાયેલો અનન્ય પાડોશીનો નાતો સમાજનાં લાગણીશીલ, વિશ્વાસુ સંબંધની જયોતને અખંડ રાખી ટમટમી રહ્યો છે...

# બાપુપુરાના આદર્શ પશુપાલકની સાબરમતી જેલના કેદી ભાઈઓએ મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના બાપુપુરા ગામના હતીબેન જશુભાઈ ચૌધરીની આદર્શ ગૌ શાળાની મુલાકાત સાબરમતી જેલના ૨૪ કેદીભાઈઓએ લીધી હતી. ૧૫ દુધાળી ગાયોનું દિવસમાં ૧૮૦ કિલોગ્રામ દૂધ ઉત્પાદન થતાં ૩૫૦૦૦ કિલોગ્રામ વાર્ષિક દૂધ ઉત્પાદન માંથી વાર્ષિક રૂા. ૭ લાખની આવક થાય છે.

ગૌ સંવર્ધવ કેન્દ્ર સાદરાના પ્રા. રમેશભાઈ પટેલ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજાના ડૉ. પ્રભાતસિંહ જાદવ અને આજીવન શિક્ષણ વિભાગના ડૉ. સંધ્યાબેન ઠાકરે સાથે રહીને માર્ગદર્શન આપેલ હતું. મુલાકાતની વ્યવસ્થા સંયોજક શ્રી ડૉ. જમનાદાસ સાવલિયાએ અને વિદ્યાર્થી પ્રતિનિધિ શ્રી આશિષ ચૌધરીએ કરી હતી.